1. ભારતીય સંસ્કૃતિ અને વિદેશી સંસ્કૃતિનો સમન્વય કઈ રીતે થયો?

➢ મૌર્ય સામ્રાજ્યનું પતન થતાં ભારતની વાયવ્ય સરહદ પરથી વિદેશી પ્રજા ગ્રીકો, શકો, પહલવો અને કુષાણોએ હુમલાઓ કર્યા, આ હુમલાખોરોએ બલ્બ (બેક્ટ્રિયા)થી હિંદુકુશને માર્ગે અથવા કંદહારથી સિંધના માર્ગે ભારત પર આક્રમણો કર્યા હતાં. સૌપ્રથમ ગ્રીકોએ ભારતની વાયવ્ય સરહદ પર પોતાની સત્તા જમાવી અને ભારતના જુદા જુધ પ્રદેશોમાં નાનાં-મોટાં રાજ્યો સ્થાપ્યાં. તેમના લાગી સમયના શાસનને પરિણામે ભારતીય સંસ્કૃતિમાં કેટલાંક નવાં તત્વ ઉમેરાયાં. આથી ભારતીય સંસ્કૃતિ અને વિદેશી સંસ્કૃતિનો સમન્વય થયો.

2. ડિમેટ્રિયસ ભારતમાં શા માટે સ્થિર થયો?

➢ સિકંદરના વારસદાર સેલ્યુકસના પશ્ચિમ એશિયાના વિશાળ સામ્રાજ્યમાંથી બેક્ટ્રિય સ્વતંત્ર થયું. એ રાજ્યના શાસક ડિમેટ્રિયસ ભારતની વાયવ્ય સરદે આવેલા અફઘાનિસ્તાન, પંજાબ તથા સિઘ ના અમુક પ્રદેશો જીતી લઈ ભારતમાં બેરિયન-ગ્રીક રાજ્યની સ્થાપના કરી. તેના ભારતના શાસનકાળ દરમિયાન બેક્ટ્રિયામાં બળવો થયા. ડિમેટ્રિયસ એ બળવો દબાવી દેવામાં નિષ્ફળ ગયો, પરિણામે બેકટ્રિયામાં બળવાખોર નેતા યુકેટાઇઝનું શાસન સ્થપાયું. આથી ડિમેટ્રિયસ ભારતમાં સ્થિર થયો.

3. પશ્ચિમની ક્ષત્રપ સત્તાનો ભારતમાંથી કઈ રીતે અંત આવ્યો?

➢ રુદ્રદામન પછી તેના વારસદારો નિર્બળ નીવડયા અને આંતરિક સંઘર્ષમાં અટવાયા, છેલ્લાં ક્ષત્રપ શાસક રુદ્ર સિંઘ ત્રીજાને શાખા સમ્રાટ ચંદ્રગુપ્ત બીજાએ હરાવ્યો અને તેના વધ કર્યો. આથી પશ્ચિમની ક્ષત્રપ સત્તાનો ભારતમાંથી અંત આવ્યો.

4. પુષ્યમિત્ર શુંગના શાસનકાળમાં બ્રાહ્મણધર્મનું પુનરુત્થાન કઈ રીતે થયું?

➢ પુષ્યમિત્રે શુંગ બ્રાહ્મણધમ હતો. તેને પરિણામે બ્રાહ્મણ સાહિત્યને ખૂબ જ ઉત્તેજન મળ્યું. તેના શાસનકાળમાં મુનિ પતંજલિએ 'મહાભાષ્ય' રચ્યું. આ સમયમાં મનુસ્મૃતિનું પણ પુનઃ સંકલન થયું. તેણે હિન્દુ મંદિરો બંધાવ્યાં. આમ, પુષ્યમિત્ર શુગના શાસનકાળમાં બ્રાહ્મણધર્મનું પુનરુત્થાન થયું.

5. કનિષ્કને પ્રાચીન ભારતના ઇતિહાસમાં દ્વિતીય અશોક તરીકે કેમ ઓળખવામાં આવે છે?

➢ કનિષ્ક બોદ્ધ સાધુ અશ્વઘોષના ઉપદેશથી બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો તથા તેના પ્રચાર અને પ્રસાર માટે અનેક કાર્યો કર્યા હતાં. કનિષ્ક ચીન, તિબેટ, જાપાન, બ્રહ્મદેશ વગેરેમાં બૌદ્ધ ધર્મના પ્રચાર અને પ્રસાર માટે પ્રતિનિધિમંડળો મોકલ્યાં હતાં. કનિષ્ક માં અશોકની ધર્મધગશની ઝાંખી થાય છે. તે પોતાના સામ્રાજ્યમાં આવેલા તમામ પંથો અને ધમાં તરફ સહિષ્ણુ હતો. કનિષ્કની ધર્મભાવના અશોકની જેમ ઉદાર અને સહિષ્ણુ હતી. કનિકે કરેલી બોદ્ધ ધર્મની સેવાઓને કારણે કનિષ્કને પ્રાચીન ભારતના ઇતિહાસમાં 'દ્વિતીય અશોક' તરીકે ઓળખવામાં આવે છે.